# દરિયાદિલ ઈસ્માઈલભાઈ માયત (જવાહર)ની ચિરવિદાય

□ *અહમદ 'ગુલ'*

માનવી આ ધરતી પર જન્મ લે છે અને અલ્લાહે નિર્ધારિત કરેલા સમયે અહીંની ટૂંકી જિંદગી પૂરી કરી આ નાશવંત દુનિયાથી વિદાય લે છે. ઘણાં લોકો આવે છે, જાય છે જેમની વિદાય પર ન તો કોઇ આંસુ સારનાર હોય છે, ન તો તેમની કોઇ નોંધ લેવાય છે. ગણત્રીના દિવસોમાં જ લોકો અને સ્વજનો સુદ્ધાં તેમને ભૂલી જતાં હોય છે. જ્યારે કેટલાક લોકો એવી જિંદગી જીવી જતા હોય છે જે તેમના ઉચ્ચતમ અખ્લાકો અને સદકાર્યોને કારણે તેમના અહીંથી ગયા પછી પણ મહેકતી રહે છે. તેમના વ્યક્તિત્વમાંથી છલકાતી સદ્દભાવના, સમભાવના, હમદર્દી અને પાકદામનીની સુવાસ વરસો સુધી ચોમેર ફેલાતી રહે છે. લોકો તેમને યાદ કરતા રહે છે.

અનેક નેકીઓ અને સદકાર્યોની સુવાસથી મહેકતી મર્હૂમ ઈસ્માઈલભાઇ માયતની આવી જ એક જિંદગી ૨૦ રમઝાન સને હિજરી ૧૪૨૮ના રોજ, રોઝા અને વુઝુની હાલતમાં અલ્લાહને પ્યારી થઇ ગઇ. *ઈન્ના લિલ્લાહે વઈન્ના ઈલયહે રાજેઉન.* મર્હૂમનું સમગ્ર જીવન નેકી અને ભલાઇના કામો, માનવજાત પ્રત્યે હમદર્દી, ઉચ્ચ અખ્લાક અને પરહેઝગારીવાળું રહ્યું છે. એમનો જીવનમંત્ર જ સમાજના ગરીબો, હાજતમંદો અને નિ:સહાય લોકોને મદદરૂપ થવાનો રહ્યો છે.

ભીષણ ગરીબીના કારણે માત્ર ૧૪ વર્ષની કુમળી વયે એમણે આલીપોર છોડી રોઝીરોટીની તલાશમાં મુંબઇનો રસ્તો લીધો હતો. શરૂઆતમાં હોટલબૉય તરીકે ઘણીજ તકલીફોમાં દિવસો વીતાવતાં ધીરજ, ઈમાનદારી અને નિષ્ઠાપૂર્વક કામ કરતા રહી ધીરે ધીરે હોટલના ગલ્લા પર અને ત્યાંથી એક મેડિકલ સ્ટોર પર એમને કામ મળ્યું હતું. છેવટે જેમ જેમ મુંબઇના પારસી શેઠો વયોવૃદ્ધ થતા ગયા તેમ તેમ તેમના નાના મોટા ધંધાઓ તેઓ ખરીદતા ગયા. વીનસ ગારમેન્ટ નામની રેડીમેડ કપડાં બનાવવાની ફેક્ટરીના માલિક બન્યા. તેમણે પેપરપૂઠાં બનાવવાની ફેક્ટરી પણ ઊભી કરી અને સખત પરિશ્રમ તથા ઈમાનદારીથી વેપાર કરતા રહી એક સફળ ઉદ્યોગપતિ તરીકે ઉભર્યા.

આ તો થઇ એમણે સાધેલા આર્થિક વિકાસની વાત. બીજી તરફ એક નેકદિલ, ઈમાનદાર, હાજતમંદોના હમદર્દ, ગરીબોના બેલી અને સખી દાતા એવા આ ખૂબજ દીનદાર અને પરહેઝગાર ઈન્સાનની જીવન કિતાબનું એક એક પાનું પણ વાંચવા જેવું છે. સ્થળ સંકોચને કારણે એમના જીવન પ્રસંગોને અહીં વિગતે વર્ણન કરી શકાય એમ નથી. એમ કરવા જઇએ તો એક આખું પુસ્તક લખાય એમ છે. પરંતુ એમના જીવનમાંથી એક બે બોધદાયક પ્રસંગોનું નિરૂપણ કરી આપણે સંતોષ માનવો રહ્યો.

મર્હૂમ ગરીબો, નિરાધારોના એટલા હમદર્દ હતા કે એમના દાન અને સખાવતની કેટલીક એવી વાતો અહીં યુ.કેમાં જાણવામાં આવતી કે એમના કુટુંબીજનો ઘણીવાર ચિંતામાં પડી જતાં. મારે ૧૯૭૬માં ઈન્ડિયા જવાનું થયું તે વેળાના એક બે પ્રસંગ રજૂ કરવાનું મન થાય છે. મર્હૂમ નમાઝના બેહદ પાબંદ. એક દિવસ ફજરની નમાઝમાં ગયા તો એક ગરીબ માણસ મસ્જિદના દરવાજા પાસે ઊભો હતો. તેણે મર્હૂમને ઊભા રાખી કહ્યું કે ગઇ રાત્રે મેં ખ્વાબમાં જોયું કે સવારે ફજરની નમાઝમાં જે માણસ સૌથી પહેલાં મસ્જિદમાં નમાઝ માટે આવશે તે તને ટેક્ષી ખરીદવાના પૈસા આપશે. તમે જ અત્યારે પહેલા આવ્યા છો, શું તમે મને ટેક્ષી ખરીદી ધંધો કરવા માટે જોઈતા પૈસા આપીને મદદરૂપ થશો? રહમ અને ઉદારદિલ મર્હૂમ ઈસ્માઇલભાઇ તે માણસને પોતાને ઘરે લઇ ગયા અને નામઠામ પૂછયા વગર તેને ૪૦,૦૦૦ રૂપિયા આપી દીધા અને મને કહ્યું કે કોઇએ એની ચિંતા કરવાની જરૂર નથી કેમકે એ માણસ દર મહિને મને નક્કી કરેલી રકમ સમયસર પરત કરે છે. આ રીતે એક મુસલમાન ભાઇને મોહતાજીના દલદલમાંથી ઉગારી ઈજ્જતભરી જિંદગી જીવવામાં તેઓ મદદરૂપ થયા હતા. આવા તો અનેક પ્રસંગોથી તેમનું જીવન મઘમઘે છે.

એમનો વતન પ્રેમ પણ જબરો. આ જ વર્ષે ઈન્દિરા ગાંધીએ ઈમર્જન્સી જાહેર કરી હતી અને દેશનાં તમામ સરકારી ખાતાંઓ બરાબર ચુસ્તપણે કામ કરતાં થયાં હતાં. પરિણામે મારે પણ મુંબઇ ઍરપોર્ટ પર ઉતર્યો ત્યારે જરૂરત કરતાં વધારે સામાન હોવાને કારણે રૂા.૧,૩૦૦ કસ્ટમ ખાતાને ચૂકવવા પડયા હતા. આ વાતની જ્યારે એમને જાણ થઇ તો મને કહ્યું કે ભાઇ! તમે ૧૩ વર્ષે ભારત આવો છો એટલે એક વરસના ૧૦૦ જ થયાને? જે ધરતી પર આપનો જન્મ થયો છે અને જ્યાં આપે શિક્ષણ લીધું છે એને વરસના ૧૦૦ લેખે જો આપે ચૂકવ્યા હોય તો મને લાગે છે કે એ બહુંજ ઓછી રકમ છે. આ હતી એમની દેશ ભાવના, આ હતો એમનો દેશ પ્રેમ!

સમાજ સેવાના ક્ષેત્રે એમણે એક એવા કામમાં સહકાર આપ્યો છે જે કદી પણ ભૂલાશે નહીં. તેઓ આલીપોર હોસ્પિટલના પ્રણેતા અને પાયાના પથ્થર સમા છે. આ હોસ્પિટલના પ્રારંભિક વર્ષો દરમિયાન હોસ્પિટલ આકાર લઇ રહી હતી ત્યારે તેમણે દર મહિને આપેલ રૂપિયા એક લાખનું દાન, અને માત્ર દાન જ નહીં પરંતુ તન, મન અને ધનથી કરેલી સહાયતાને પરિણામે આજે આ હોસ્પિટલ ખૂબજ વિકાસ પામી ચૂકી છે જેમાં દર વરસે હજ્જારો ગરીબ, દુ:ખિયારા દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. સાથે સાથે હોસ્પિટલ સતત પ્રગતિ કરતી રહે એને ધ્યાનમાં રાખી પોતાના સુપુત્ર સહિત બીજા અનેક ઉત્સાહી, મહેનતુ અને ધગશવાળા કાર્યકર્તાઓની એક સુંદર ટીમ પણ તેઓ તૈયાર કરતા ગયા છે જે તેઓ કેટલા દુરંદેશી હતા તે બતાવે છે. એમના પગલે એમના સુપુત્ર હસન પણ ઉદારદિલી દાખવી સમાજને ઉપયોગી થતા રહે છે. અત્રે એ વાતનો ઉલ્લેખ કરતાં ખુશી થાય છે કે આપણી જાણીતી સ્થાનિક સંસ્થા ઇ.મુ.વે.સો.ની સુવર્ણ જયંતિ પ્રસંગે પ્રિન્ટીંગ બેનર્સ વગેરે જેવાં પ્રસંગને લગતાં નાનાં મોટાં ઘણાં કામોમાં તેઓ ખૂબજ સહાયરૂપ બન્યા હતા.

મર્હૂમ ઈસ્માઇલભાઇનું સમગ્ર જીવન પરહેઝગારીવાળું હતું. તેઓ ફર્ઝ નમાઝોના ઘણાંજ પાબંદ અને તહજ્જુદની નમાઝના પણ એટલાજ પાબંદ હતા. કહેવાય છે કે રાત્રિની નિરવ શાંતિમાં તહજ્જુદની નમાઝ બાદ બારગાહે ખુદાવંદીમાં સમગ્ર ઉમ્મતે મુસ્લિમા માટે, પોતાની કોમ અને કુટુંબીજનો તથા સગાં-સંબંધીઓ માટે એક લાંબા સમય સુધી દુઆઓ કરવામાં તલ્લીન રહેતા હતા. ગરીબોના બેલી, સામાજિક ભલાઇના ચાહક અને કોમના જબરદસ્ત હમદર્દ એવા આ નેક અને ઉદારદિલ ઈન્સાનને ગુમાવ્યાનું દુ:ખ આપણને સહુને છે અને એમનાં નજીકનાં કુટુંબીજનોને એથી વિશેષ દુ:ખ હોય એ સ્વાભાવિક અને સમજી શકાય એમ છે. એમની ખોટ આપણને વરસો સુધી સાલશે એ નક્કી છે.

*જીવન એવું ન જીવો કે કોઇ ફરિયાદ કરે*
*જીવન એવું જીવો કે કોઇ ફરી યાદ કરે*

આપણે સૌ ફરી ફરી જેમને યાદ કરીએ એવું નેક જીવન જીવી ગયેલા મર્હૂમ ઈસ્માઇલભાઇ માયત માટે છેલ્લે આપણે એ દુઆ સાથે વિરમીએ કે અલ્લાહ રહીમો રેહમાન મર્હૂમની જીવનભરની નાની મોટી નેકીઓને કબૂલ કરે અને તેમની બાલ બાલ મગફિરત ફરમાવી જન્નતુલ ફિરદૌસમાં આલા મુકામ નસીબ ફરમાવે અને એમના કુટુંબીજનોને સબ્રે જમીલ અતા કરે. *આમીન.*